સ્પર્ધાત્મક પરીક્ષા માટેના સાહિત્ય અને સાહિત્ય પ્રકાશનોનો ભારે રાફડો

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

જો બાજુનાં ખેતરવાળા ગમે તેટલો આગ્રહ કરી ચ્હા પીવા બોલાવે તો પણ ન જતી,... ચ્હા પીવડાવી છ સાત તરભુચ તોડી જવાની ફેશન ચાલે છે...!!

ગાંધીનગર આર.ટી.ઓ. કચેરી અમદાવાદ વસ્ત્રાલના અરજદારોને લાઈસન્સ ઈસ્યુ કરશે

ગાંધીનગર તા ૬

ગાંધીનગરની હાઈટેક આર ટી ઓ કચેરીમાંથી હવે અમદાવાદ અને વસ્ત્રાલ આર ટી ઓના અરજદારોના પણ લાઈસન્સ ઈસ્યુ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા વિચારણા હાથ ધરવામાં આવી છે. જો કે હાલની સ્થિતિએ સ્થાનિક અરજદારોએ પણ લાઈસન્સની કામગીરી માટે ધક્કા ખાવાનો વારો આવે છે. ત્યારે આ કામગીરીમાંથી ઉંચા ન આવતા આર ટી ઓ તંત્ર નવી જવાબદારીને પહોંચી વળશે કે કેમ તે મામલે પણ પ્રશ્નાર્થ સર્જાયો છે.

આર.ટી.ઓ.નુ તંત્ર સ્થાનિક કામગીરીમાંથી ઉંચુ આવતુ નથી ત્યારે નવી જવાબદારીને પહોંચી વળશે તેની સામે પણ પ્રશ્નાર્થ

શહેરના ગ માર્ગ પર સ્થિત હાઈટેક આર ટી ઓ કચેરીમાં પેપરલેસ વહીવટ હોવાની ગુલબાંગો હાંકવામાં આવે છે. પરંતુ આર ટી ઓ કચેરીમાં વારંવાર સર્વર ડાઉન થવાની ફરિયાદો સાથે સઘળી કામગીરી ઠપ્પ થઇ જાય છે. જેના પરિણામે લાઇસન્સ સહિતના કામો માટે આવતા અરજદારોએ ધક્કા ખાવાનો વારો આવે છે. થોડા સમય અગાઉ પણ આર ટી ઓ કચેરીમાં સર્વર ડાઉન થતા અરજદારોના કામ અટવાયા હતા. ટેકનિકલ ખામીના લીધે સમસ્યાઓ સર્જાય છે. ત્યારે આર ટી ઓ ની હાઈટેક કચેરીમાં વર્ષોના અંતે પણ નવી વ્યવસ્થા રૂટિન મુજબ ગોઠવાઈ શકી ન હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. આવા સંજોગોમાં અમદાવાદ અને વસ્ત્રાલ આર ટી ઓ કચેરીના અરજદારો માટે ગાંધીનગર કચેરીમાંથી લાઈસન્સ મળી રહે તેવુ આયોજન કરવાનુ વિચારણા હેઠળ છે. ત્યારે નગરની હાઈટેક આર ટી ઓ કચેરી આ જવાબદારીને પહોંચી વળશે કે કેમ તે મામલે પણ પ્રશ્નાર્થ સર્જાયો છે.

નગરની હાઈટેક આર ટી ઓ કચેરીમાં છેલ્લા ઘણાં સમયથી ટેકનિકલ ખામીઓ સર્જાતા અરજદારોએ ફાંફાં મારવાનો વારો આવે છે. ત્યારે નવી જવાબદારી સ્વીકારવામાં આવે તો સ્થાનિક અરજદારોની મુશ્કેલીમાં વધારો થાય તેવી શકયતા પણ નકારી શકાય તેમ નથી.

ખૂણે ખાંચરેથી...

- કોબા ગ્રામ પંચાયત તરફથી નવા કોબા પ્રા. શાળા અને જુના કોબાની પ્રા. શાળાને ૩-૩ કોન્પ્યુટરની ભેટ ગુણોત્સવ અંતર્ગત આપવામાં આવશે તેવી ઘોષણા કરાઈ છે.
- ગાંધીનગર જિલ્લામાં રૂ. ૨૦ની કિંમતના સ્ટેમ્પની ખેંચને કારણે લેનારાઓની લાંબી લાઈન થાય છે.
- ગાંધીનગર જિલ્લાની ૧૦૦થી વધુ ગ્રામ પંચાયતોના હિસાબોમાં ઓડિટના પેરા નીકળતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે.
- ગાંધીનગર સહિત જે જિલ્લાઓમાં ઈન્દિરા આવાસ સહિતની આવાસ યોજનાની ગ્રાન્ટ વાપરી શકાઈ નથી તે અન્ય જિલ્લાઓને તબદીલ કરવામાં આવી છે.
- આજે જિલ્લા પંચાયતમાં પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા અને માણસાના પૂર્વ ધારાસભ્ય શ્રી બાબુજી ઠાકોર તથા વર્તમાન ધારાસભ્ય શ્રી અમીતભાઈ ચૌધરી આવ્યા હતા.
- ઈન્ડિયન એસોસીએશન ઓફ પ્રીવેન્ટીવ એન્ડ સોશ્યલ મેડીસીનની ૪૩મી કોન્ફરન્સમાં જિલ્લા પંચાયતના આરોગ્યતંત્રના રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. જયેશ સોલંકી રિસર્ચ પેપર તેમજ જિલ્લા મેલેરિયા અધિકારી મમતાબેન દત્તાણી પોષ્ટર વિભાગમાં તેમની કૃતિ રજુ કરનાર છે.

મનપાની ટાઉનપ્લાનીંગ કામગીરીમાં હસ્તક્ષેપ કરવા મુખ્યમંત્રીને પ્રવિણ પટેલે પત્ર લખ્યો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગર પાલિકાની ટાઉન પ્લાનીંગ કચેરીમાં ચાલતા અંધેર વહીવટને લઈ આજે કોંગીના કાઉન્સીલર અને સ્થાયી સમિતિના પૂર્વ ચેરમેન શ્રી પ્રવિણ પટેલે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલને એક પત્ર લખી તાત્કાલિક હસ્તક્ષેપ કરી વહીવટને પારદર્શક બનાવવા અપીલ કરી છે.

શ્રી પટેલે તેમના આ પત્રમાં જણાવ્યું છે કે ઈમ્પેક્ટ ફીની પ્રથાનો આ પાટનગરમાં જ અમલ થયો હોય તેમ જણાયુ નથી એટલુ જ નહિ સીટી ઈજનેર, જી.ટી.પી. જેવી જગ્યાઓ પર સરકારે પણ કોઈ નિમણુંક આપી નથી તે દુઃખદ છે. સીટી ઈજનેરની જગ્યા પર નિમણુંક આપવી બંધારણીય બાબત હોવા છતાં સરકારે નિમણુંક કરી નથી. આવી મહત્વની જગ્યાઓ મનપામાં આઉટ સોર્સિંગથી ચાલી રહી છે. આ અધિકારીઓની નિમણુંક કઈ લાયકાતોને ધ્યાને રાખી કરવામાં આવી છે તે માટે સત્તાવાળાઓ સમક્ષ વારંવાર રજુઆત કરવા છતાં તેના ઉત્તર મળતા નથી.

ગાંધીનગર મનપામાં સીટી ઈજનેર અને જી.ટી.પી.ની જગ્યા પર નિમણુંક જ નથી કરાઈ

શ્રી પટેલે તેમના આ પત્રમાં જણાવ્યું છે કે ગાંધીનગર શહેરના અધિકૃત વિકાસ માટે કેટલી ખાનગી માલિકીના નવા બાંધકામની અરજીઓ આવેલી છે. તેમાંથી કેટલી સમયમર્યાદામાં મંજૂર કરી ? અને વિકાસ પરવાનગી આપી ? પછી કેટલાના બાંધકામ પૂર્ણ થયા અને ભોગવટા પ્રમાણપત્રો આપવામાં આવ્યા છે ? અત્યારે હાલ કેટલા બાંધકામો સરકારના જી.ડી.સી.આર. પ્રમાણે અધિકૃત નિયમ મુજબ ચાલી રહ્યા છે, તેની વિગતવાર સેક્ટરદીઠ માહિતી માંગેલી હતી પરંતુ આજદિન સુધી મળેલ નથી.

અરજી આપે કેટલા સમયમાં મંજુરી આપવામાં આવે છે તો મંજુરી આપ્યા પછી જી.ડી.સી.આર. પ્રમાણે બાંધકામ થઈ રહ્યા છે કે નહિ, તેનું મોનીટરીંગ કઈ ટીમ દ્વારા કરવામાં આવે છે. મંજુરી આપેલ સ્થળ ઉપર બાંધકામની શું પરિસ્થિતિ છે. જો જી.ડી.સી.આર. પ્રમાણે બાંધકામ ન થતું હોય તો શું પગલાં સત્તાવાળાઓએ લીધા તેનો કોઈ રિપોર્ટ ઉપલબ્ધ હોય તેવુ જણાતુ નથી. અને તેથી જવાબો આપવાનું અધિકારીઓ ટાળી રહ્યા હોવાનો આક્ષેપ શ્રી પટેલે તેમના આ પત્રમાં કર્યો છે.

તેમણે આ પત્રમાં સર્કલો અને રંગમંચના રિનોવેશનની કામગીરીમાં ટેન્ડર મર્યાદામાં કામ નહિ કર્યા હોવાની ચોંકાવનારી હકીકતો લખી તાકીદે તપાસ કરી યોગ્ય કાર્યવાહીની માંગ કરી છે.

ઉત્તરાયણ પર્વમાં દાન-પુણ્યનો અનેરો મહિમા છે. જેમાં શેરડી, બોર, ચીકી, પતંગ-દોરી સહિતની ચીજવસ્તુઓનું દાન નગરજનો કરતા હોય છે. પરંતુ પશુ-પક્ષીઓને ખવડાવી પુણ્યનું ભાથુ બાંધે છે. ત્યારે શહેરના સેક્ટર-૩-બી ખાતે ૩૦થી વધુ મહિલાઓ છેલ્લા પંદર વર્ષથી નિયમિતરૂપે ૧૫૦ કિલો લાડુ બનાવી શહેરમાં ફરતા કુતરાઓને ખવડાવી જીવનની સાથે આવનારૂ પુણ્યનું ભાથુ બાંધી રહ્યા છે.

૨૦ દિવસ બાદ કિશોરીનું માતા-પિતા સાથે મિલન

ગાંધીનગર, તા. ૬

સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ સંચાલિત ગાંધીનગર ચાઈલ્ડલાઈન ૧૦૯૮ ઈમરજન્સી સેવા દ્વારા તાજેતરમાં ગાંધીનગર રેલવે સ્ટેશનમાં એક કિશોરી જેની ઉંમર આસરે ૧૪ વર્ષ ગુમ થયેલી બાળકી બિનવારસી હાલતમાં મળી આવી હતી. રાત્રીના સમય દરમિયાન ગાંધીનગર ચાઈલ્ડ લાઈન દ્વારા ગાંધીનગર બાળસુરક્ષા એકમના સહયોગથી ઓઢવમાં બાળકી ગૃહનો સંપર્ક કરવામાં આવ્યો હતો. બાદ મહિલા પોલીસ સ્ટેશન અને ૧૮૧

● અનુસંધાન પાના - ૭ પર

સ્પર્ધાત્મક પરીક્ષા માટેના સાહિત્ય અને સાહિત્ય પ્રકાશનોનો ભારે રાફડો

ગાંધીનગર, તા. ૬

સરકારી નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાની જાહેરાત પ્રસિદ્ધ થતા પરીક્ષાના ''સાહિત્ય'' પ્રકાશિત કરતા અઢળક પ્રકાશકો એક બીજા પ્રકાશકોની કોપી મારી પોતાના લેબલ અને નામ લખી બજારમાં સાહિત્યનું વેચાણ કરી રહ્યા છે. પરિણામે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો જુદા જુદા પ્રકાશકોના સાહિત્યને લીધે ભારે મુંઝવણમાં મુકાયા છે. નવાઈ તો એ છે કે માત્ર રેવન્યુ તલાટીની પરીક્ષા માટે જુદા જુદા ૨૧ પ્રકાશકોએ પોતાના પુસ્તકો બજારમાં મુક્યા છે.

જુના જમાનામાં બસસ્ટેન્ડમાં પુસ્તકની દુકાનમાં લોકો ટાઈમ પાસ કે છાપા ખરીદવા જ જતા હતા, પરંતુ હાલ સ્પર્ધાત્મક પરીક્ષાના સાહિત્યની ખરીદી માટે લોકોની ભીડ વધારે જોવા મળે છે.

માત્ર રેવન્યુ તલાટીની પરીક્ષા સંબંધિત સાહિત્ય માટે બજારમાં જુદા જુદા ૨૧ પ્રકારના પ્રકાશકોના પુસ્તકો ઉમેદવારોને મુંઝવણમાં મુકી રહ્યા છે : પ્રકાશકો પોતાના નજીવા આર્થિક લાભ માટે અસંખ્ય ખોટી અને અધુરી માહિતી પ્રકાશિત કરી રહ્યા છે

છેલ્લા ઘણા સમયથી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરાવતા ક્લાસીસ અને તેના 'સાહિત્ય'ની એકબીજા સાહિત્યમાં કોપી કરી સંપાદન કરનાર લોકોનો રાફડો ફાટ્યો છે. કેટલાક પ્રકાશકો અસંખ્ય ટાઈપીંગ ભુલો અને કેટલીક ખોટી માહિતી પિરસી રહ્યા છે. અને માસુમ બાળકોની જીંદગી સાથે નજીવા આર્થિક લાભ લેવા મોટા ચેડા કરી રહ્યા છે.

સ્પર્ધાત્મક પરીક્ષા માટે હાલ એટલુ બધુ સાહિત્ય બજારમાં ઉપલબ્ધ છે કે શુ ખરીદવુ, શુ ન ખરીદવું એ માટે બાળકો પરેશાન છે. માત્ર રેવન્યુ તલાટીની પરીક્ષા માટેના જ માર્કેટમાં જુદા જુદા ૨૧ પ્રકાશકોએ પોતાના પુસ્તકો વેચાણ અર્થે મુક્યા છે. આથી તૈયારી કરતા બાળકો રીતસરના ગુમરાહ બની રહ્યા છે. ત્યારે લાખો બાળકોની જીંદગી સાથે ચેડા કરતા ગેરકાયદેસર અને રજીસ્ટ્રેશન ન ધરાવતા પ્રકાશકો, સંપાદકો સામે કાર્યવાહી થાય તે જરૂરી છે. આમ એકબીજા પુસ્તકોની કોપી મારી પોતાનું નામ લખી રોફ જમાવતા પ્રકાશકોને કોઈ પણ પ્રકારનો કોઈ પણ ડર રહ્યો નથી.

ઉતરાયણ પર્વને લઈ ૧૦૮ની ટીમ સજ્જ

ગાંધીનગર, તા.૬

ઉતરાયણના તહેવારને ગણતરીના દિવસો બાકી રહ્યા છે.

ગુજરાતમાં પતંગ રસિકો અત્યારથી જ તૈયારીઓમાં લાગી ચુકયા છે મકરસંક્રાતિના દિવસે રાજયભરમાં આકાશ પતંગોથી ભરાઈ જાય છે. રંગબેરંગી પતંગોનું આ પર્વ કેટલાક લોકો માટે ઝોખમરુપ બને છે. જેને પગલે ગુજરાતમાં ઈમરજન્સી સેવામાં અગ્રેસર ૧૦૮ દ્વારા નરોડા ખાતે આજરોજ એક મીટીંગ યોજાઈ હતી. જેમાં ઉતરાયણમાં વધુ કોલ મળતા હોવાથી તેને પહોંચી વળવા માટે એમ્બ્યુલન્સ ઝડપથી કેસ માથી મુક્ત થઈ બીજી ઈમરજન્સી માટે ઉપલબ્ધ રહે તે માટે હોસ્પીટલ અને ટ્રોમાં સેન્ટરોમાં પણ ખાસ સ્ટાફ સંકલન માટે ફાળવવામાં આવ્યો છે.

નરોડો ખાતે યોજાયેલ ૧૦૮ની બેઠકમાં હાજર જશવંત પ્રજાપતિ (સી.ઓ.ઓ, જી.વી.કે.ઈ.એમ.આર .આઈ) એ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૧૦૮ દ્વારા ૪.૩૬ લાખ જીંદગીઓ બચાવી છે અને ૬૦ લાખ કરતા પણ વધુ ઈમરજન્સીને સમયસર પ્રતિસાદ આપેલ છે. યુવાન કર્મચારીગણ અમુલ્ય જીવન બચાવાની ખુશી માણી રહી છે. ૧૦૮ ને ભારતની પ્રથમ ઈમરજન્સી રીસપોન્સ સેવા બનાવી છે. ઉતરાયણ પર્વમાં સાવચેતીના પગલા હોવા છતા દુર્ઘટના બનતી હોય છે. પરંતુ ગમે તેવી ઈમરજન્સીમાં યાદ રાખીને ૧૦૮ સેવાને ગભરાટ વિના ફોન કરવાનું જણાવ્યું છે. ૧૦૮ ની ટીમ ખાસ ગુજરાતની જનતા માટે ઉતરાયણ પર્વમાં કોઈપણ ઈમરજન્સી માટે સક્ષમ છે તેમ જણાવ્યુંહતુ. આ પ્રસંગે મોટી સંખ્યામાં ૧૦૮નો સ્ટાફ હાજર રહ્યો હતો.

ઉતરાયણમાં શું ન કરવું જોઈએ

૧ લીસી, ખરબચડી,તુટેલી અને નબળી અગાસી છત કે ધાબા પર ઉભું ન રહેવું જોઈએ. ૨.ઉંચાઈએ થી જમીન પર ન કુદવું જોઈએ ૩. જાહેર રસ્તા પર પતંગ પકડવા ના દોડવું. ૪.ઈલેકટ્રીક વાયર, રોડ અને વીજળીના થાભલાથી પતંગ ચગાવવા ન જોઈએ. ૫ અગાસી-ધાબા પરની પાળી પર ન ચડવું જોઈએ.

વીતેલા વર્ષમાં ૧૭૮૪ વ્યક્તિઓને કૂતરા કરડી ગયા..!!!

મહુડી પંથકમાં કૂતરા કરડવાની સૌથી વધુ ઘટનાઓ ઓગષ્ટથી નવેમ્બરમાં સૌથી વધુ ઘટનાઓ નોંધાઈ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં ૧૭૮૪ વ્યક્તીઓને ૨૦૧૫ના વર્ષમાં કૂતરા કરડવાની ઘટનાઓ નોંધાઈ છે. આ વીતેલા વર્ષમાં મહિલાઓ કરતા પુરૂષોને વધુ કૂતરા કરડ્યા છે. જિલ્લામાં સૌથી વધુ કૂતરા કરડવાની ઘટનાઓ ઓગષ્ટથી નવેમ્બર માસ દરમ્યાન વધુ બની છે. જો કે સૌથી વધુ ઘટનાઓ નવેમ્બર માસમાં નોંધાઈ છે.

જિલ્લાના મહુડી પંથકમાં સૌથી વધુ કૂતરા કરડવાના કિસ્સા નોંધાયા છે. જિલ્લામાં ૧૨૦૧ પુરૂષોને અને ૫૮૩ મહિલાઓને કૂતરા કરડવાની ઘટનાઓ નોંધાઈ છે. નવેમ્બર માસમાં મહુડી પંથકમાં ૧૦૪ વ્યક્તીઓને કૂતરા કરડ્યા હતા. જેમાં ૬૧ પુરૂષ અને ૪૩ મહિલાઓનો સમાવેશ થાય છે. જિલ્લામાં કૂતરા કરડવાની ઘટનાઓ ૨૦૧૪ની તુલનામાં વધવા પામી છે.

ઓપન કેટેગરીને સંપન્ન જ્ઞાતિઓ માટે રીઝર્વ કરવાની માંગ કરવાની જરૂર હતી : ડૉ. સોમભાઈ પટેલ

પાટીદાર અનામત આંદોલનના નેતાઓને અનામત માંગતા ના આવડી હોવાનો ડો. સોમભાઈનો મત

ગાંધીનગર, તા. ૬

તાજેતરમાં રાજ્યભરમાં થયેલા પાટીદાર અનામત આંદોલનના ઘણા દુષ્યપરિણામો આવ્યા છે. આ પરિણામોએ અનેક લોકોની આંખોમાંથી વેદનાના આંસુ પડાવ્યા તથા ઘણાને માર ઝૂડના ભોગ પણ બનાવ્યા હતા. જેમાં કેટલાકે જીવ પણ ખોવાનો વારો આવ્યો હતો. જો કે આ પાટીદાર આંદોલનની ફળશ્રુતિ પાટીદાર આંદોલનના આગેવાન હાર્દિક પટેલ સહિતના નેતાઓની ધારણા મુજબ ન આવવાનું કારણ અનામતની માંગણી કરતા આવડી ન હોવાનું તારણ ગાંધીનગરના શિક્ષણવિદ્ ડૉ. સોમભાઈ પટેલે રજૂ કર્યું છે.

ડૉ. સોમભાઈ પટેલના મત મુજબ સમાજની પછાત ગણાતી બધી જ્ઞાતિઓની અનામતની કુલ ટકાવારી ૪૯ ટકા છે અને બાકીના ૫૧ ટકામાં ખુલ્લુ ક્ષેત્ર છે. આ ખુલ્લુ ક્ષેત્ર સંપન્ન ગણાતી તમામ જ્ઞાતિઓ માટે છે. આથી પાટીદાર આંદોલનના નેતાઓએ તમામ સંપન્ન જ્ઞાતિઓના પ્રતિનિધિઓને સાથે લઈ આ ખુલ્લા ક્ષેત્રને ''રીઝર્વ'' કરવાની માંગણી કરવાની જરૂર હતી. પાટીદાર આંદોલનના નેતાઓને આ ન સુઝ્યું. જેના પરિણામે ખાનગી અને જાહેર મિલ્કતોનું કરોડોનું નુકશાન થયું. અને શાંત-શુદ્ધ જળમાં ઈંટાળા નાંખવાથી પાણી ડહોળાય તેમ સામાજિક અને રાજકીય વાતાવરણ ડહોળાઈ ગયું.

આજે મનપા દ્વારા આઈ.સી.યુ. ઓન વ્હીલનું ઉદ્ઘાટન

ગાંધીનગર, તા.૬

રાજયના દરેક નાગરીકને પ્રાથમિક આરોગ્યની સારવાર ઘર આંગણે મળી રહે તે માટે રાજય સરકાર પ્રયત્નો કરી રહી છે. સરકાર દ્વારા વિવિધ આરોગ્યલક્ષી યોજના થકી ગુજરાતના છેવાડાના ગામડાની પ્રજાને પણ આવરી લેવામાં આવી છે. ગાંધીનગર જિલ્લાની પ્રજાને મળતી આરોગ્યની સુવિધામાં વધારો થવા પામ્યો છે. ગાંધીનગર મહાનગર પાલીકા દ્વારા મેયરની ગ્રાન્ટમાંથી ખરીદાયેલી આઈ.સી.યુ ઓન વ્હીલ સિવિલને અર્પણ કરવામાં આવશે. સિવિલ કેમ્પસ ખાતે સવારે ૯ કલાકે યોજાનાર અર્પણ વિધિ પ્રસંગે કેન્દ્રીય આરોગ્ય મંત્રી જયપ્રકાશ નડ્ડા, રાજયના આરોગ્ય મંત્રી નિતિનભાઈ પટેલ, ગાંધીનગર મનપા મેયર હંસાબેન મોદી, સિવિલ સુપ્રુરિટેન્ડન્ટ બિપીન નાયક,આર.એમ.ઓ કલ્પેશ શાહ સહિત શહેરના અગ્રણીઓ હાજર રહેશે.

આઈ.સી.યુ. વ્હીલના લોકાર્પણ પ્રસંગે કેન્દ્રીય આરોગ્યમંત્રી જે. પી. નડ્ડા, રાજય આરોગ્ય મંત્રી નિતિનભાઈ પટેલ, મનપાના મેયર હંસાબેન મોદી સહિત શહેરના અગ્રણી આગેવાનો હાજર રહેશે

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતે તા.૭ થી ૯ જાન્યુઆરી દરમિયાન પી.એસ.એમ વિભાગ દ્વારા નેશનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સમાં કેન્દ્ર આરોગ્યમંત્રી જે.પી.નડ્ડા, રાજય આરોગ્યંત્રી નિતિનભાઈ પટેલ, તથા અન્ય મહાનુભાવ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે મનપા દ્વારા આઈસીયું ઓન વ્હીલ હોસ્પીટલ ગાંધીનગરને અર્પણ કરવામાં આવશે. આ વાનનો ઉપયોગ લાભાર્થીઓ માટે આશિર્વાદરુપ પુરવાર થશે. મેડીકલ કોલેજ સંચાલિત ગાંધીનગર હોસ્પીટલમાં ઓપીડી વિભાગમાં રોજના એક હજારથી વધુ દર્દી સારવાર માટે આવે છે. હોસ્પિટલ જિલ્લાકક્ષાની હોવાથી દર્દીઓથી ઉભરાય છે. જયારે સિવિલના તાત્કાલીક વિભાગમાં સંખ્યાબંધ અકસ્માતના કેસ આવતા હોય છે. જેમાથી વધુ ક્રિટીકલ કેસ હોય તેમને સારવાર આપી અમદાવાદ રીફર કરવામાં આવે છે. ત્યારે દર્દીઓને સિવિલ હોસ્પિટલમાથી ખાસ ટેકનોલોજીથી સજજ આઈ.સી.યુ ઓન વ્હીલમાં લઈ જવામાં આવે છે. ગાંધીનગર સિવિલમાં ૩ આઈસીયુ ઓન વ્હીલ છે જેમા એક રાજયના મુખ્યમંત્રી માટે રીઝર્વ રાખવામાં આવે છે. જયારે બે આઈસીયુ લોકઉપયોગી માટે હોય સિવિલમાં હાજર છે. દર્દીને તાત્કાલીકમાં આપવામાં આવતી સારવાર આ વાનમાં ઉપલબ્ધ હોય છે. ત્યારે જિલ્લાના દર્દીઓને ઉપયોગી બની રહે તે માટે ગાંધીનગર મહાનગર પાલીકા દ્વારા મેયરની ગ્રાન્ટમાંથી લાખો રુપીયાના ખર્ચે જિલ્લાની જનતાને આરોગ્યની સુવિધા સારી મળી રહે તે માટે આઈસીયુ ઓન વ્હીલની ખરીદી કરવામાં આવી છે. આ વાન લોકઉપયોગી બની રહે તે માટે મનપા દ્વારા સિવિલને સુપ્રત કરવામાં આવશે. આ વ્હીલની સારસંભાળ સિવિલ તંત્ર દ્વારા કરવામાં આવશે. આ પ્રસંગે મોટી સંખ્યામાં લોકો હાજર રહેશે.

નગરની પોસ્ટ કચેરીઓમાં કોર બેંકીંગની સુવિધા ઉપલબ્ધ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરની પોસ્ટ કચેરીઓમાં કોર બેંકીંગની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. જેના પરિણામે હવે નાણાંકીય વહેવાર વધુ સરળ અને સુવિધા યુકત બનશે તેવી લાગણી શહેર વસાહત મહામંડળે વ્યકત કરી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાવ્યા મુજબ ડાક અદાલત દરમિયાન નગરની પોસ્ટ કચેરીમાં કોર બેંકિંગની સુવિધા ઉપલબ્ધ કરવા શહેર વસાહત મહામંડળ દ્વારા અગાઉ રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતના પરિપાકરૂપે મુખ્ય પોસ્ટ માસ્ત કે.કે. પટેલના સહયોગથી કોર બેંકીંગની સુવિધા ઉપલબ્ધ થઈ શકે છે. આ ઉપરાંત ગાંધીનગરમાં ડાક વિભાગને ફાળવવામાં આવેલી જમીન પર પોતાનું મકાન બાંધી ગ્રાહકોને વધુ સુવિધા પુરી પાડવા વધુ રજુઆત કરવામાં આવી હતી જેના અનુસંધાને પોસ્ટ અને ડિવિઝન દ્વારા વડી કચેરીને મકાનના બાંધકામ માટે પણ દરખાસ્ત કરી છે. સેકટર-૭ પોસ્ટ ઓફીસને પણ વધારાનું આવાસ ફાળવવા ડાક અદાલત દરમિયાન રજૂઆત કરવામાં આવી હતી. આ દરમિયાન માર્ગ મકાન વિભાગ દ્વારા યોગ્ય સહયોગ ન આપવામાં આવતો હોવાનો રોષ પણ ઠાલવવામાં આવ્યો હતો.